પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

તાપમાન
મહત્તમ : ૩૨.૦ ડીગ્રી
લઘુતમ : ૧૩.૮ ડીગ્રી
ભેજ
સવારે ૬૨ ટકા ● સાંજે ૩૫ ટકા

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૨૭૫ | ૧૬ ડિસેમ્બર, ૨૦૧૬, શુક્રવાર ; માગશર વદ - ૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

ગેરન્ટેડ ગિફ્ટ કુપન
અહીંથી કાપો




## ભારત-ઈંગ્લેન્ડ વચ્ચે આજથી પાંચમી ટેસ્ટ

ચેન્નાઈ,તા. ૧૫

ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે આવતીકાલથી ચેન્નાઈના ઐતિહાસિક એમએ સ્ટેડિયમ પર પાંચમી અને અંતિમ ટેસ્ટ મેચ શરૂ થઈ રહી છે. ભારત આ શ્રેણી હવે ૪-૦થી જીતી લેવા માટે સજ્જ છે. શ્રેણીની પ્રથમ ટેસ્ટ મેચ રાજકોટમાં ડ્રો થયા બાદ વિરાટ કોહલીના નેતૃત્વમાં ભારતીય ટીમે જોરદાર દેખાવ કરીને બાકીની તમામ ટેસ્ટ મેચ જીતી લીધી હતી. ભારત શ્રેણીમાં હજુ ૩-૦ની લીડ ધરાવે છે. તમામની નજર ફરી વિરાટ કોહલી પર કેન્દ્રિત રહેશે.

# કેશલેસ પેમેન્ટને પ્રોત્સાહિત કરવા ઈનામો

### ડિજીટલ અને કેશલેસ પેમેન્ટને પ્રોત્સાહન આપવા નવા પગલાં જાહેર : ૨૫મી ડિસેમ્બરથી આગામી ૧૦૦ દિવસ સુધી લકી ગ્રાહક યોજનામાં ૧૫ હજાર ગ્રાહકોને રોજ ૧૦૦૦ના ઈનામો : વેપારીને ૫૦ હજાર સુધી ઈનામો





નવી દિલ્હી,તા. ૧૫

ડિજીટલ અને કેશલેસ પેમેન્ટને પ્રોત્સાહન આપવા માટે સરકારે આજે શ્રેણીબદ્ધ નવા પગલાંની જાહેરાત કરી હતી. નીતિ આયોગે આજે ગ્રાહકો અને દુકાનદારો માટે નવા શ્રેણીબદ્ધ રાહતના પગલાં જાહેર કર્યા બાદ તમામ લોકોમાં તેની ચર્ચા જોવા મળી રહી છે. નીતિ આયોગના સીઈઓ અમિતાભ કાંતે આજે પત્રકાર પરિષદ યોજીને કેટલીક જાહેરાતો કરી હતી અને કહ્યું હતું કે ૨૫ ડિસેમ્બરથી આગામી ૧૦૦ દિવસ સુધી લકી ગ્રાહક યોજના હેઠળ ૧૫ હજાર ગ્રાહકોને દરરોજ ૧૦૦૦ રૂપિયાના ઈનામ આપવામાં આવશે. આ ઉપરાંત વેપારીઓને પણ બીજી ધન વેપારી યોજના હેઠળ ૫૦,૦૦૦ રૂપિયા આપવામાં આવશે. અમિતાભ કાંતે કહ્યું હતું કે એક સપ્તાહમાં ડિજીટલ પેમેન્ટ કરનાર દુકાનદારોને એક સપ્તાહમાં સાત હજાર એવોર્ડ આપવામાં આવશે. અમિતાભ કાંતના કહેવા મુજબ ક્રિસમસ ડેથી શરૂ થઈ રહેલી લકી ગ્રાહક યોજના હેઠળ એનપીસીઆઈ એટલે કે નેશનલ પેમેન્ટ કમિશન ઓફ ઈન્ડિયા તરફથી આગામી

● અનુસંધાન પાન-૭ પર

## મન એવું થાય છે કે, સંસદમાંથી રાજીનામું આપી દઉ : અડવાણી

### નોટબંધી, રિજ્જુ, ઓગસ્ટા મુદ્દે સંસદમાં ભારે હોબાળો લોકસભાની કામગીરી દિવસભર માટે મોકૂફ



નવી દિલ્હી,તા. ૧૫

ભાજપના વરિષ્ટ સાંસદ અને પૂર્વ નાયબ પ્રધાનમંત્રી લાલકૃષ્ણ અડવાણીએ સંસદની ખોરવાતી કામગીરીથી નારાજ થઈને વાતવાતમાં જણાવ્યું હતું કે, મન થઈ જાય છે કે, સંસદમાંથી રાજીનામું આપી દઉ.

દરમિયાન નોટબંધી, કિરણ રિજ્જુ અને ઓગસ્ટા વેસ્ટલેન્ડ ડિલને લઈને ધાંધલ ધમાલના પગલે આજે સંસદની કામગીરી ખોરવાઈ ગઈ હતી. લોકસભા દિવસભર માટે મોકુફ કરી દેવામાં આવી હતી. જ્યારે રાજ્યસભાની કામગીરી વારંવાર ખોરવાઈ ગઈ હતી. દરમિયાન, ભાજપના વરિષ્ઠ નેતા લાલકૃષ્ણ અડવાણીએ સંસદની કામગીરી ખોરવાઈ ગયા બાદ નારાજગી વ્યક્ત કરી હતી. સરકાર તરફથી ઓગસ્ટા ડિલ પર મુદ્દો ઉઠાવવામાં આવ્યા બાદ શાસક પક્ષ અને વિપક્ષ વચ્ચે જોરદાર ધાંધલ ધમાલ થઈ હતી. જેના લીધે લોકસભાની કામગીરી ખોરવાઈ ગઈ

● અનુસંધાન પાન-૭ પર

# હજુ મહિને રોકડની પરિસ્થિતિ થાળે પડશે

### ૮૦ ટકા નવી નોટ બેંકોમાં આવ્યા બાદ રોકડ ઉપાડ ઉપર મુકવામાં આવેલા તમામ અંકુશ દુર કરાશે : ઉપાડ મર્યાદા જાન્યુઆરી સુધી જારી રહેશે : કરન્સી પ્રિન્ટીંગમાં તેજી આવવાથી ડિમાન્ડ-સપ્લાય અંતરમાં ઘટાડો

નવી દિલ્હી,તા. ૧૫

સરકારના એક વરિષ્ઠ અધિકારીએ માહિતી આપતા કહ્યું છે કે પૈસાના ઉપાડ પર મુકવામાં આવેલી મર્યાદા એજ વખતે દુર કરવામાં આવશે જ્યારે ૮૦ ટકા નવી નોટ છાપવામાં આવ્યા બાદ બેંકો સુધી પહોંચી જશે. આ નિવેદન બાદ સ્પષ્ટ થઈ ગયું છે કે ટૂંક સમયમાં જ રોકડની અછત દુર કરી લેવામાં આવશે. જાન્યુઆરીના મધ્યથી રોકડની કમી દુર થવાની અપેક્ષા રાખી શકાય છે કારણ કે કરન્સી પ્રિન્ટીંગમાં તેજી આવી ગયા બાદથી ડિમાન્ડ અને સપ્લાયમાં અંતર ઘટી રહ્યું છે. અધિકારીઓનું કહેવું છે કે સૌથી પહેલા કો.ઓપરેટીવ બેંકોને ઉપાડની મર્યાદામાંથી મુક્ત કરવામાં આવશે. જ્યારે તમામ નોટ છપાઈ જશે ત્યારે અંકુશને સંપૂર્ણપણે દુર કરી દેવામાં આવશે. આ અધિકારીના કહેવા મુજબ હજુ સુધી બેંકોમાં જમા કરન્સીમાં અડધી નોટ નવી છે. આનો મતલબ એ થયો કે ધીમે ધીમે નવી નોટો બેંકોમાં આવી રહી છે. એવી આશા કરવામાં આવી રહી છે કે ફેબ્રુઆરી સુધી રોકડની

● અનુસંધાન પાન-૭ પર



# નવી નોટ સંપૂર્ણપણે સ્વદેશી છે : શક્તિકાંત દાસનો દાવો

### બનાવટની શક્યતા નહિવત હોવાનો દાવો કર્યો : જુદી જુદી ફરિયાદોના આધાર પર પગલાંઓ લેવાઈ રહ્યા છે

નવી દિલ્હી,તા. ૧૫

નવી નોટને લઈને ભારે હોબાળો મચેલો છે ત્યારે સરકારે આજે સાફ શબ્દોમાં કહ્યું હતું કે નવી નોટમાં ઘણા નવા સુરક્ષા પાસા ઉમેરવામાં આવેલા છે. નવી નોટ સંપૂર્ણપણે સ્વદેશી હોવાનો પણ દાવો કરવામાં આવ્યો છે. પત્રકાર પરિષદ દરમિયાન આર્થિક બાબતોના સેક્રેટરી શક્તિકાંત દાસે કહ્યું હતું કે શરૂઆતમાં અર્થતંત્રમાં નાણાંની રકમ તરીકે બે હજાર રૂપિયાની નોટ ઉપર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. જેથી વધુ આક્રમક રીતે અર્થતંત્રને આગળ વધારી શકાય. હવે રૂપિયા ૫૦૦ની નવી નોટ ઉપર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવી રહ્યું છે. તેમણે કહ્યું હતું કે નવી ૫૦૦ અને ૨૦૦૦ રૂપિયાની નોટને બનાવટી બનાવી લેવાની શક્યતા ખૂબ ઓછી છે. આ નોટ સંપૂર્ણપણે સ્વદેશી છે. તેમણે માહિતી આપી હતી કે એકશન એન્ફોર્સમેન્ટ એજન્સીઓ દ્વારા તમામ પગલાં લેવામાં આવી રહ્યા છે. ચોક્કસ બાતમીના આધારરૂપે પગલાં લેવામાં આવી રહ્યા છે. માર્કેટ અંગે પણ તેમણે વાત કરી હતી.




# દેશભરમાં દરોડાનો દોર યથાવત

### દિલ્હીથી લઈને આસામ, બંગાળ, આંધ્રમાં દરોડા પાડવામાં આવ્યા : જૂની-નવી નોટો જપ્ત કરાઈ : ઈન્કમટેક્સ વિભાગ અને પોલીસ દ્વારા આક્રમક કાર્યવાહી જારી : દિલ્હીમાં સુનાર જ્વેલર્સ ઉપર દરોડાથી ૩૦ લાખ જપ્ત : એક્સિસ બેંકમાં પણ દરોડા

નવી દિલ્હી,તા. ૧૫

મોદી સરકારના નોટબંધીના નિર્ણય બાદ દેશભરમાં બ્લેકમનીને વ્હાઈટ કરવાના પ્રયાસમાં લાગેલા લોકોની ધરપકડનો દોર જારી છે. દરરોજ દરોડા પાડવામાં આવી રહ્યા છે અને કરોડો રૂપિયાની રોકડ રકમ પકડી પાડવામાં આવી રહી છે. આ ક્રમમાં આજે પણ કાર્યવાહીનો દોર જારી રહ્યો હતો. પાટનગર દિલ્હીથી લઈને આસામ, પશ્ચિમ બંગાળ, આંધ્રપ્રદેશ સુધી પોલીસ અને ઈન્કમટેક્સ વિભાગના અધિકારીઓએ વ્યાપક દરોડા પાડ્યા હતા અને જૂની અને નવી નોટોનો જથ્થો જપ્ત કર્યો હતો. પાટનગર દિલ્હીમાં ઈન્કમટેક્સ વિભાગના અધિકારીઓએ કારોલબાગ સ્થિત સુનાર જ્વેલર્સને ત્યાં દરોડા પાડ્યા હતા અને ૩૦ લાખ રૂપિયા જપ્ત કર્યા હતા. આમાંથી નવી કરન્સી પણ સામેલ છે. બુધવારના દિવસે દિલ્હીની નજીક ગુરૂગ્રામથી અહેવાલ આવ્યા હતા કે ત્યાં ટોલ ટેક્સ નજીકથી બે ગાડીઓમાં પોલીસને ૪૦ લાખ રૂપિયા મળી આવ્યા હતા.

● અનુસંધાન પાન-૭ પર



# એપ્રિલથી હાઈવે પર શરાબનુ વેચાણ બંધ

### સુપ્રિમ કોર્ટે લાલ આંખ કરી પ્રતિબંધ મુક્યો : રાજ્યોમાં નેશનલ હાઈવે તેમજ તેની આસપાસ આવતી શરાબની દુકાનોના લાઈસન્સ ખતમ કરવામાં આવશે

નવી દિલ્હી, તા.૧૫

સુપ્રીમ કોર્ટે આજે એક દુરગામી અને ઐતિહાસિક ચુકાદો આપ્યો હતો. સુપ્રીમ કોર્ટે આ આદેશના ભાગરૂપે તમામ હાઈવે પર શરાબના વેચાણ પર પ્રતિબંધ મુકી દીધો છે. ચીફ જસ્ટીસ ટીએસ ઠાકુરના નેતૃત્વમાં બેંચે આ ચુકાદો આપ્યો હતો. કોર્ટે પોતાના ચુકાદામાં કહ્યુ છે કે તમામ રાજ્યોમાં નેશનલ હાઈવે અને આસપાસ આવેલી શરાબની દુકાનોના લાયસન્સ રદ કરી દેવામાં આવનાર છે. જો કે કોર્ટે કહ્યુ હતુ કે આ દુકાનો લાયસન્સમાં આપવામાં આવેલી મહેતલ સુધી શરાબનુ વેચાણ કરી શકશે. જો કે તેમના લાયસન્સ રિન્યુ કરવામાં આવનાર નથી. સુપ્રીમ કોર્ટે તામામ નેશનલ અને સ્ટેટ હાઈવે પર શરાબની દુકાનોને સંપૂર્ણરીતે બંધ

● અનુસંધાન પાન-૭ પર

સ્ટોક માર્કેટ ઓફિસ સ્ટાફ
ઈન્ફોસીટી●સે.૨૧●ચાંદખેડા●કલોલ●દહેગામ
ટર્મીનલ ઓપરેટર- ૫
ઓફીસ સ્ટાફ- ૭
કોમ્પ્યુટર ઓપરેટર- ૧૦
8000/- to 15000 + પેટ્રોલ + ઈન્સેટીવ
bestboi123@gmail.com
WhatsApp: 9974703401

ગાંધીનગરમાં જાહેરાત માટેનું
અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧




ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

VAIBHAV FURNISHINGS INC.
RETAIL SHOWROOM & FACTORY OUTLET
તૈયાર પડદા 30% છૂટ
દરેક પ્રકારના પડદા-સોફાનું કાપડ હાજર સ્ટોકમાં મળશે.
D'DECOR Live beautiful · DC TEX FURNISHINGS · HOMES · COPPER · Kurl-on PU FOAM · SPRINGFIT
• SOFA FABRIC • CURTAIN FABRIC • WALLPAPER • FOAM • MATTRESSES • PILLOWS • BEDSHEETS
Time : 11 a.m. to 9 p.m.
8 , SIDDHRAJ ZORI ,
SARGAASAN - G'NAGAR
09414119651 , 09829719885 , 09462597151
Time : 9.30 a.m. to 7 p.m.
E-174, ELECTRONOICS ESTATE,
G.I.D.C., SECTOR 26 ,G'NAGAR
09462597151 , 09414119651